દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૭ મે, ૨૦૨૬

# ગુજરાતમાં એક જ દાયકામાં વિદેશી રોકાણમાં 533 ટકાનો વધારો, પ્રગતિ જળવાયેલી રહે તે જરૂરી

છેલ્લા એક જ દાયકામાં દેશમાં રોકાણના મામલે ગુજરાતનો દબદબો વધ્યો છે. એક જ દાયકામાં ગુજરાતમાં વિદેશી રોકાણમાં 533 ટકાનો જંગી વધારો થવા પામ્યો છે.

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ડેટા મુજબ, વિદેશી પ્રત્યક્ષ રોકાણને આકર્ષવામાં ગુજરાતે જે તેજ ગતિ જાળવી રાખી છે તેણે સાબિત કર્યું છે કે, વૈશ્વિક સ્તરે રોકાણકારોનો ભરોસો ગુજરાત પર અતૂટ છે.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડના અહેવાલ મુજબ, એપ્રિલ-ડિસેમ્બર 2024 દરમિયાન ગુજરાતે અંદાજે રૂ. 44,041 કરોડનું FDI આકર્ષીને દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. વર્ષ 2014 થી 2024 ના દાયકા દરમિયાન રાજ્યમાં થયેલું રોકાણ તેના અગાઉના તમામ રેકોર્ડ તોડી ચૂક્યું છે.

નાણાકીય વર્ષ 2024-25 ના પ્રથમ છ મહિનામાં જ ઇનફ્લો 3.95 અબજ ડોલર પર પહોંચી ગયો છે, જે પાછલા વર્ષના સમાન ગાળા કરતા નોંધપાત્ર રીતે વધારે છે. એપ્રિલ 2000 થી સપ્ટેમ્બર 2024 દરમિયાન, રાજ્યે કુલ 57.65 અબજ ડોલરથી વધુનું વિદેશી રોકાણ મેળવ્યું છે, જેમાંથી 86% રોકાણ માત્ર છેલ્લા દાયકામાં આવ્યું છે. વિદેશી રોકાણના મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્ર પ્રથમ અને કર્ણાટક બીજા ક્રમે છે.

ભારતના કુલ FDI ઇનફ્લોમાં ગુજરાતનો હિસ્સો આશરે 10.4% છે. કુલ રોકાણનો આશરે 47% હિસ્સો કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરના ક્ષેત્રમાં છે. જ્યારે ટ્રેડિંગમાં આશરે 9% હિસ્સો, બિન-પરંપરાગત ઉર્જામાં આશરે 8.75% હિસ્સો, વીજળી ક્ષેત્રે આશરે 7.4% હિસ્સો, સી ટ્રાન્સપોર્ટમાં આશરે 4% હિસ્સો છે. ઓક્ટોબર 2019 થી ડિસેમ્બર 2024 સુધીના ડેટા મુજબ ગુજરાતમાં રોકાણ કરનાર ટોચના દેશોમાં અમેરિકા 25.77% હિસ્સો, સિંગાપોર 19.36% હિસ્સો, મોરેશિય, 18.37% હિસ્સો અને યુએઈનો 16.99% હિસ્સો છે.




ગુજરાતમાં રોકાણ વધવાના કારણો એ છે કે હાલમાં ગુજરાતમાં સેમિકન્ડક્ટર હબ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત ભારતનું પ્રથમ સેમિકન્ડક્ટર હબ બનશે. સાથે સાથે સોલાર અને વિન્ડ એનર્જીમાં ગુજરાત આજે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. ભવિષ્યના ઇંધણ માટે પણ રોકાણકારો ગુજરાતમાં રોકાણ કરવા માટે અત્યારથી તૈયાર થઈ ગયા છે.

રોકાણકારો એવા સ્થળની પસંદગી કરે છે જ્યાં માળખાગત સુવિધાઓ તૈયાર હોય. ગિફ્ટ સિટી આજે આંતરરાષ્ટ્રીય નાણાકીય લેવડ-દેવડનું કેન્દ્ર બની ગયું છે. બીજી તરફ, ધોલેરા SIR જેવો મેગા પ્રોજેક્ટ વૈશ્વિક સ્તરના સ્માર્ટ સિટી અને ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે ઉભરી રહ્યો છે.

મજબૂત પોર્ટ કનેક્ટિવિટી અને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરને કારણે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થયો છે, જે FDI માટે આકર્ષણનું કેન્દ્ર છે. વાઈબ્રન્ટ ગુજરાતને કારણે પણ ગુજરાતમાં રોકાણોમાં મોટો વધારો થયો છે. રોકાણની આ હરીફાઈમાં મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યો સાથેની સ્પર્ધા સતત વધી રહી છે. તાજેતરના કેટલાક મહિનાઓમાં FDIમાં વાર્ષિક ધોરણે આંશિક ઘટાડો પણ નોંધાયો છે, જે વૈશ્વિક આર્થિક મંદી અને ભૌગોલિક-રાજકીય તણાવનું પરિણામ હોઈ શકે છે. તેમ છતાં, ગુજરાતનું મોડેલ મજબૂત પાયા પર ટકેલું છે.

આગામી સમયમાં, ગુજરાતે MSME સેક્ટરને વૈશ્વિક સપ્લાય ચેઇન સાથે જોડવા પર વધુ ભાર મૂકવો પડશે. જો નાના ઉધોગો મજબૂત બનશે, તો જ મોટા વિદેશી રોકાણનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચશે. હાલમાં જોવામાં આવે તો ગુજરાત માત્ર 'રોકાણ આકર્ષતું રાજ્ય' નથી, પરંતુ તે ભારતના $5 ટ્રિલિયન ઇકોનોમીના સ્વપ્નનું એન્જિન છે.

આગામી દાયકો ગુજરાત માટે 'ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ' બનવાનો છે, જેમાં FDI ની આ તેજ ગતિ સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. ગુજરાતમાં જે રીતે વિદેશી રોકાણ વધી રહ્યું છે તે જોતાં આગામી સમયમાં ગુજરાત વિદેશી રોકાણના મામલે મહારાષ્ટ્ર અને કર્ણાટકને પાછળ છોડીને પ્રથમ નંબરે પહોંચવાની ક્ષમતા ધરાવે છે. મહારાષ્ટ્રને પણ અગ્રક્રમે રાખવામાં મુંબઈના ગુજરાતીઓનો જ મોટો ફાળો છે. જો ગુજરાતીઓ મહારાષ્ટ્રમાં રહીને વિદેશી રોકાણ લાવી શકતા હોય તો એજ ગુજરાતી ગુજરાતમાં તો મોટાપાયે રોકાણ લાવી શકે તેમ છે.

ગુજરાતમાં વિદેશી રોકાણના મામલે જો કોઈ સૌથી મોટું અવરોધ હોય તો તે દારૂબંધીની નીતિ છે. આ નીતિને કારણે વિદેશીઓ ગુજરાત આવતાં નથી. સરકારે ગિફ્ટ સિટીના માધ્યમથી દારૂબંધી હળવી જરૂર કરી છે પરંતુ જેને દારૂની પરમિટ લેવી હોય તે તમામને જો પરમિટ આપવાની પ્રથા અમલમાં મુકે અને તેની પર અંકુશો પણ રાખે તો ગુજરાતનો દરિયાકાંઠો પણ મોટાપાયે વિકસવાની સાથે સાથે ગુજરાતમાં વિદેશી રોકાણની સ્થિતિમાં પણ મોટો ફરક પડે તેમ છે. ગુજરાત સરકારે હવે દારૂબંધીના મામલે પણ વધુ છુટછાટ માટે તૈયારી કરવાની જરૂરીયાત છે. આ ઉપરાંત ગુજરાતમાં હજુ ધંધા-રોજગારના વિકાસ માટે પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ વધારવામાં આવે તે જરૂરી છે. ગુજરાતની આ સ્થિતિને જાળવવી હોય તો રાજ્ય સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા પર સતત ભાર આપતાં રહેવું પડશે તો જ આ શક્ય બનશે તે નક્કી છે.

# દેશમાં એક નંબરનું વાવેતર વિસ્તાર ધરાવનાર ચીકુના પાકનું નિકંદન નીકળી રહ્યું છે, સુરત જિલ્લો તેમાં સૌથી મોખરે

## ઈકો-નોમિક્સ
ડૉ.જયનારાયણ વ્યાસ

મુંબઈથી તમે ટ્રેનમાં ગુજરાત આવતા હોવ તો જેવું ભિલાડ આવે પાકેલા ચીકુ વેચવાવાળાની બૂમાબૂમથી પ્લેટફોર્મ ગાજી ઉઠે છે. દક્ષિણ ગુજરાતમાં નવસારીથી માંડીને ભિલાડ સુધીનો આ આખોય પટ્ટો મધમીઠાં ચીકુના પાક માટે જાણીતો છે. એક સમય હતો જ્યારે દક્ષિણ ગુજરાતમાં ખેડૂત ચીકુડીને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તરીકે ઓળખતો. જ્યારે પણ ખર્ચા જોગ પૈસાની જરૂર પડે તમને ખર્ચા પૂરતો ઉતાર ચીકુડીના ઝાડેથી મળી રહે. જેમ હાફૂસ એ દક્ષિણ ગુજરાતનો એક મહત્ત્વનો બાગાયતી પાક છે (હવે કેસર પણ) એ જ રીતે ચીકુ પણ આ વિસ્તારનો મહત્ત્વનો બાગાયતી પાક હતો. ગોલવડના ચીકુ એની મીઠાશ માટે જાણીતા હતા અને એટલે ભિલાડથી નવસારી તરફ અથવા નવસારીથી મુંબઈ તરફ જતાં મુસાફરો ચીકુ અચૂક ખરીદતા.

આ પરિસ્થિતિમાં 1970ના દાયકા બાદ ઉદ્યોગીકરણની મહત્ત્વની ઘટનાએ આકાર લીધો. વાપી આજે દેશના મોટામાં મોટા ઔદ્યોગિક વસાહતોમાંનું એક ગણાય છે. તે જ રીતે ઉમરગામ, સરીગામ, ગુંદલાવ જેવી ઔદ્યોગિક વસાહતો પણ આ વિસ્તારમાં વિકસી છે. આ બધાનું પરિણામ એ આવ્યું કે, પ્રવાહી પ્રદૂષણ કચરાને કારણે પાણીનાં તળ પ્રદૂષિત થયા અને કારખાનાઓની ચીમનીઓમાંથી સતત ઓકાતા જતાં ધુમાડાઓના કારણે આ વિસ્તારોમાં વાયુપ્રદૂષણ પણ મોટા પાયે પેદા કર્યું. પહેલાં પણ ઉદ્યોગ સાહસિકો હતા પણ એમનું આયોજન પર્યાવરણને ધ્યાનમાં રાખીને ગોઠવતા જેનું આદર્શ ઉદાહરણ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ દ્વારા સ્થાપાયેલ અતુલનું ઔદ્યોગિક સંકુલ છે. આની સીધી અસર બાગાયતી પાકો ઉપર થઈ. જ્યાં જ્યાં વાયુપ્રદૂષણ છે ત્યાં આંબા પર પાકતી કેરી અને ચીકુનો ઉતાર તેમજ ગુણવત્તા બંનેને અસર થઈ છે.

ત્રીજું કારણ દિવસે દિવસે ઓછી ને ઓછી પોષણક્ષમ બનતી જતી ખેતી અને એને કારણે ઉદ્યોગો માટે સારો ભાવ મળતો હોય તો જમીન વેચી પણ દેવાની વાત ખેડૂતમાં પ્રવેશી છે.

આ પાશ્વાતભૂમિકા સાથે એક ચોંકાવી દે તેવા સમાચાર મારા ધ્યાનમાં આવ્યા છે, જે બિઝનેસ લાઈફ નામની સાઈબર સમાચાર પર એગ્રી બિઝનેસના મથાળા હેઠળ અવિનાશ નાયર દ્વારા 28 એપ્રિલ, 2026ના લેખમાં વાંચવા મળે છે. શ્રી નાયર પોતાના લેખની શરૂઆતમાં જ કહે છે કે, ગુજરાતમાં ચીકુનું ઉત્પાદન ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે અને એમાં સૌથી મોટો ઘટાડો સુરત જિલ્લામાં જોવા મળ્યો છે. અવિનાશ નાયરના કહેવા પ્રમાણે ગુજરાતમાં પેદા થતાં ચીકુનું ઉત્પાદન 25 ટકા ઘટ્યું છે. ઉપલબ્ધ માહિતી મુજબ ગુજરાતમાં 2015-16માં 3.25 લાખ ટન હતું, જે માત્ર દસ વર્ષ કરતાં ઓછા સમયમાં 2025-26માં ઘટીને 2.40 લાખ ટન થઈ જવા પામ્યું છે.

લોકો ચીકુનાં વૃક્ષો કાપી રહ્યા છે એ વાત તો મેં મારા દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમિયાન ઘણી વાર ખેડૂતોના મુખેથી સાંભળી છે. આ કારણસર ચીકુ પકવનાર ખેડૂતો દ્વારા 29,562 હેક્ટરમાં ચીકુનો પાક લેવાતો હતો તે ઘટીને 24,622 હેક્ટર થઈ ગયો છે. ગુજરાતમાં ચીકુનું ઉત્પાદન અને વાવેતર છેલ્લા દાયકામાં સતત ઘટી રહ્યા છે, જેનું કારણે ચીકુના કુલ ઉત્પાદનમાં અગાઉ જણાવ્યું તેમ 25 ટકા ઘટાડો થયો છે, જ્યારે ચીકુના વાવેતર હેઠળની જમીનમાં આ જ સમયગાળા દરમિયાન 16.7 ટકાનો ઘટાડો થયો છે. આ માહિતી ગુજરાત રાજ્યના બાગાયત નિયામકની કચેરી પાસેથી મળી છે.

ચીકુની બાગાયતી ખેતી કરનાર મુખ્ય જિલ્લાઓમાં સૌથી ખરાબ અસર સુરત જિલ્લામાં જોવા મળી છે. સુરત જિલ્લામાં ચીકુ પકવતો બાગાયતી વિસ્તાર છેલ્લા દાયકામાં 58.5 ટકા ઘટ્યો છે. આ પરિસ્થિતિની સાથે જ્યારે આપણે ગુજરાત સરકાર ચીકુનો પાક લેનાર બાગાયતી જમીનના

> ગોલવડના ચીકુ એની મીઠાશ માટે જાણીતા હતા અને એટલે ભિલાડથી નવસારી તરફ અથવા નવસારીથી મુંબઈ તરફ જતાં મુસાફરો ચીકુ અચૂક ખરીદતા

વિસ્તારની દ્રષ્ટિએ દેશમાં પ્રથમ નંબરે છે એવું કહે ત્યારે બાગાયતી ખેતીનો એક મુખ્ય પાક એવા ચીકુનું નિકંદન નીકળી રહ્યું છે એવું સ્પષ્ટ જોઈ શકાય છે. અગાઉ જણાવી ગયા તેમ ચીકુનું કુલ ઉત્પાદન 25 ટકા ઘટ્યું છે, તેની સાથોસાથ ચીકુનો બાગાયતી વિસ્તાર જે 2015-16માં 29,562 હેક્ટર (ઉત્પાદન 3.25 લાખ ટન) હતો તે ઘટીને 2024-25માં કૂલ ઉત્પાદન વિસ્તાર 24,622 હેક્ટર (ઉત્પાદન 2.40 લાખ ટન) થવા પામ્યો છે.

આમ, દેશમાં પ્રથમ નંબરે ચીકુનાં બાગાયતી પાક હેઠળની જમીન ધરાવવાનો દાવો કરનારું ગુજરાતમાં આજે ચીકુની ખેતી તેમજ ઉત્પાદન બંને ચિંતાજનક રીતે ઘટી રહ્યા છે. આ ઘટાડામાં સૌથી નોંધપાત્ર (58.5 ટકા જમીન ઘટાડો) સુરત જિલ્લામાં થયો છે, એ ઊડીને આંખે વળગે તેવી બાબત છે. આ પરિસ્થિતિમાં ગુજરાતનો ખેડૂત ચીકુની ખેતીથી કેમ દૂર જઈ રહ્યો છે અને સુરત જેવા જિલ્લામાં જ્યાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણને કારણે ચીકુ પકવતી 58.5 ટકા વાડીઓનું નિકંદન નીકળી ગયું છે ત્યારે વિકલ્પે અન્ય વિસ્તારોમાં ચીકુના બાગાયતી પાક હેઠળ લાવી શકાય કે કેમ અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોને પોતાના ચીકુના ઉત્પાદન સામે સારા ભાવ મળી શકે કે કેમ તે બાબત ખેડૂતો, કૃષિનિષ્ણાતો અને નવસારી ખાતેની

કૃષિ યુનિવર્સિટી બધાને સાથે રાખીને રાજ્યના બાગાયતી વિભાગે અભ્યાસકરવો જોઈએ.

ચીકુની માફક હવા પ્રદૂષણ તેમજ મોસમના અણધાર્યા ફેરફારોને કારણે કેરીના ઉત્પાદન પણ છેલ્લા દસ વર્ષમાં શું અસર થઈ છે અને દક્ષિણ ગુજરાતની કેરીનાં મુખ્ય હોલસેલ બજારોમાં થતી આવકોમાં શું ફેરફાર થયો છે તે બાબત પણ અભ્યાસ થવો જોઈએ અને હાફૂસ તેમજ કેસર અથવા રાજાપુરી જેવી અન્ય કેરીનું ઉત્પાદન કેમ વધે, હયાત ખેડૂતો કઈ રીતે ટકી રહે અને નવા ખેડૂતો આ બાગાયતી પાક તરફ કઈ રીતે વળે તે બાબતે પણ બાગાયતી વિભાગે ચિંતા કરવી જોઈએ.

નવસારી કૃષિ યુનિવર્સિટી તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતો તેમજ પ્રગતિશીલ ખેડૂતોને તેમજ મેનેજમેન્ટ અને માર્કેટિંગ નિષ્ણાતોને એક સાથે જોડીને દક્ષિણ ગુજરાતના આ બે મહત્ત્વના બાગાયતી પાકો અંગે એક તટસ્થ અને તલસ્પર્શી વિશ્લેષણ થવું જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## એક વાર્તા સમજવા જેવી

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

પ્રકૃતિ રૂઠી હતી, ચારે બાજુ દુકાળ પડ્યો હતો. પાણીનું નામ નિશાન ન હતું. ગામ છોડીને લોકો જવા લાગ્યાં હતાં... ઢોર ઢાંખર પાછળ રહી ગયાં હતાં... પંખીઓ ઊડી ગયાં હતાં... જમીન ઉજ્જડ થઈ ગઈ હતી. ઘાસનું એક તણખલું પણ ન હતું... ઢોર બિચારાં ચારા વગર ભૂખા ભરી રહ્યાં હતાં અને ધીમે ધીમે ચારાની શોધમાં તડ પડેલી જમીનવાળાં ઉજ્જડ મેદાનોનાં મેદાનો પર ચાલીને ઢોરઢાંખર ચારે બાજુ ઘાસને ગોતી રહ્યાં હતાં પણ ઘાસનું તણખલું પણ જોવા મળતું ન હતું. દિવસોથી ભૂખ્યાં ઢોરનાં હાડકાં દેખાવા લાગ્યાં, જાણે હાડપિંજર બનીને ઢોરઢાંખર જીવી રહ્યાં હતાં. એક ભૂખ્યું વાછરડું ખોરાકની શોધમાં એક એક ઘાસના તણખલાને શોધતું શોધતું આગળ ને આગળ ચાલી રહ્યું હતું અને પોતાના ધણથી છૂટું પડી ગયું હતું. દૂર એક ઝાડ દેખાયું તો આજુબાજુ કંઈક ઘાસ પણ હશે એમ વિચારતું વાછરડું કંઈક ખાવા મળશે તેની આશામાંથી તાકાત મેળવીને તે ઘાસની શોધમાં તે ઝાડની દિશામાં ચાલવા લાગ્યું. ત્યાં પહોંચ્યું પણ જમીન સૂકી ભઠ્ઠ હતી. ઘાસનું નામનિશાન ન હતું. વાછરડું જમીનમાં ચારે બાજુ પોતાનું મોં નાખીને કે ક્યાંક એક તણખલું મળી જાય એવી આશાથી શોધ કરી રહ્યું હતું.ઝાડની ઉપર એક વાંદરો બેઠો હતો અને ઝાડનાં ફળ તોડી તોડીને ખાતો હતો. વાંદરાએ વાછરડાની આ શોધને જોઈ... મૂક પ્રાણી બીજા મૂક પ્રાણીની તકલીફ તરત સમજી ગયો. પોતાના હાથમાં જે ફળ હતું તેમાંથી એક ટુકડો નીચે ફેંક્યો પણ વાછરડાંનું તે તરફ ધ્યાન ન ગયું. વાંદરાએ ચિચિયારી પાડી અવાજ કરી ઝાડ પર ઝૂલીને ઝાડની એક ડાળને નીચે તરફ ખેંચી વાછરડાનું ધ્યાન ગયું... વાછરડાએ મોઢું ઉપર તરફ કર્યું પણ તેનું મુખ પાંદડા સુધી પહોંચ્યું નહીં એટલે વળી પાછું તે જમીન પર ઘાસ ગોતવા લાગ્યું. એક નાનકડા વાંદરાની આ મહેનત જોઈને બીજા બે વાંદરા દોડી આવ્યા... બે પંખી પણ આવ્યાં અને બધા એક જ ડાળ પર બેસીને અને ઝૂલીને તે ડાળને નીચી કરવાની કોશિશ કરવા લાગ્યાં અને ડાળ નીચે આવી... વાછરડું તેનાં પાંદડાં તોડીને ખાવા લાગ્યું. બધાએ મળીને વાછરડાની ભૂખને શાંત કરવા માટે મદદ કરી. આ નાનકડી વાર્તા ઊંડી અને સાચી સમજવા જેવી અને યાદ રાખવા જેવો પાઠ શીખવે છે કે જ્યારે કોઈ તકલીફમાં હોય ત્યારે જો બધા સાથ આપીને થોડી મદદ કરે ને તો તેની તકલીફ દૂર થઈ શકે છે.

# બંગાળ, તમિલનાડુ અને કેરળનો જનાદેશ

## ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ભાજપે પશ્ચિમ બંગાળમાં શાનદાર ચૂંટણી વિજય મેળવ્યો છે, જેનાથી પીએમ મોદીનું કદ વધુ મજબૂત થયું છે. પશ્ચિમ બંગાળમાં ભાજપે પ્રથમ વખત વિધાનસભા ચૂંટણી જીતી છે. આ એક મોટો પડકાર હતો. છેલ્લાં 15 વર્ષોથી આ રાજ્યમાં મુખ્ય વિરોધ પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)નું શાસન હતું, જેનું નેતૃત્વ રાજ્યનાં મહિલા મુખ્યમંત્રી મમતા બેનરજી કરી રહ્યાં હતાં. તેઓ મોદીના 12 વર્ષના શાસનકાળ દરમિયાન તેમના સૌથી પ્રખર ટીકાકારોમાંના એક રહ્યાં હતાં.

એમ કહી શકાય કે, પશ્ચિમ બંગાળની ચૂંટણી મોટા જનમત સાથે જીતીને ભાજપે તેના છેલ્લા બાકી રહેલા ગઢોમાંના એક પર વિજય મેળવ્યો છે. આ ભાજપના ટોચના આદર્શ અને જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જીનું ગૃહ રાજ્ય છે. રાજકારણમાં કોઈ અજેય નથી અને કોઈક સમયે ટીએમસીનું પતન અનિવાર્ય હતું. ભાજપની આ જીત માત્ર સંજોગોવશાત્ નથી મળી. છેલ્લાં 15 વર્ષોમાં પક્ષનાં કાર્યકર્તાઓ દ્વારા એક એક ઈંટ જોડીને પક્ષનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમને મમતા બેનરજીના પ્રકોપનો સામનો કરવો પડ્યો હતો, જેમણે તેમના લાંબા કાર્યકાળ દરમિયાન રાજકીય હિંસા ફેલાવી હતી.

હકીકતમાં, પશ્ચિમ બંગાળ અને સાથે જ તમિલનાડુ અને કેરળના જનાદેશ દર્શાવે છે કે જ્યારે લોકો પરિવર્તન ઈચ્છે છે ત્યારે તેમને હિંસા, પ્રલોભનો અને ધમકીઓ દ્વારા રોકી શકાતાં નથી. ભાજપે લોકોનો મિજાજ પારખ્યો અને પરિવર્તન લાવવા માટે કામ કર્યું. બીજી તરફ, મમતા નકારાત્મક વલણમાં રહ્યાં. તેમણે અનેક ચેતવણીઓને અવગણી.

> બંગાળમાં ભાજપનો ઐતિહાસિક ઉદય: મમતાના ગઢનું પતન અને પરિવર્તનનો પવન, રાજકીય સીમાચિહ્ન: કેરળ-તમિલનાડુમાં સત્તાના બદલાતા પ્રવાહો

ચુકાદા પછી પણ તેમણે રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે!

તેમનો પક્ષ ટીએમસી, જેને તેઓ 34 વર્ષ જૂના ડાબેરી શાસનને ઉથલાવીને સત્તા પર લાવ્યાં હતાં, તે સમજી શક્યો નહીં કે ભાજપ કેવી રીતે સમર્થન મેળવી રહ્યો છે. ભાજપનો ઉદય સૌ પ્રથમ 2016માં માત્ર ત્રણ બેઠકો સાથે શરૂ થયો હતો, જે બાદમાં 2021ની વિધાનસભામાં વધીને 77 પર પહોંચી ગયો હતો. તે બંગાળને આર્થિક સંકટમાંથી બહાર લાવવામાં નિષ્ફળ રહ્યાં. તેઓ પક્ષની અંદર વધી રહેલા ભ્રષ્ટાચાર અને બિનજવાબદારીને રોકી શક્યાં નહીં. તેમણે ડાબેરી શાસનનું જ શાસન મોડેલ ચાલુ રાખ્યું.

છેવટે, 2026માં કેન્દ્ર અને ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓને કારણે લોકોને ડર વિના મતદાન કરવાની તક મળી. મમતાનો મુસ્લિમ વોટ બેંક (30 ટકા)ને રીઝવવાનો અભિગમ પણ ઉલટો પડ્યો. બાંગ્લા દેશથી આવેલાં ગેરકાયદે સ્થળાંતર કરનારાંઓના મુદ્દે હિંદુ એકત્રીકરણને કારણે તેમના પક્ષને ભારે નુકસાન થયું. તેમણે સરહદ પર ફેન્સિંગ માટે જમીન આપવાનો ઈનકાર કર્યો અને સરહદ ઓળંગનારાંઓને ઓળખપત્રો આપવાના રેકેટ પર લગામ ન કસી.હા, મતદારોની યાદીમાંથી 27 લાખ મતદારોને બાકાત રાખવાનો વિવાદાસ્પદ મુદ્દો મોટો હતો, જેમની અપીલ હજી પેન્ડિંગ છે (ટ્રિબ્યુનલ દ્વારા 2000થી ઓછાને પુનઃસ્થાપિત કરવામાં આવ્યાં હતાં) પરંતુ તમે એમ કહી શકતાં નથી કે તેનો ફાયદો ભાજપને થયો. મમતાનાં ઉમેદવારો એવી ઘણી બેઠકો પરથી જીત્યાં જ્યાં મતદારોની બાદબાકી સૌથી વધુ હતી.

તમિલનાડુના રાજકારણમાં નવોદિત વિજય અને તેની પાર્ટી ટીવીકેની મોટી સફળતા એક દુર્લભ ઘટના છે. લોકો દ્રવિડિયન રાજનીતિથી કંટાળી ગયાં હતાં. વિજય ઘણી નવીનતા લાવ્યો, જેના પરિણામે મતદારોમાં પ્રચંડ ઉત્સાહ જોવા મળ્યો. જો કે, તેમણે પૂર્ણ બહુમતી આપી નથી. તેમણે નવાં ભાગીદારો શોધવાં પડશે. કેરળમાં, કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ફ્રન્ટની સત્તામાં વાપસી રાહુલ ગાંધી માટે એક મોટી ક્ષણ છે, જેમના નેતૃત્વમાં પક્ષે 99 ચૂંટણી પરાજયનો સામનો કર્યો છે. કેરળના મતદારોએ પિનરાઈ વિજયનને "ના" કહી દીધું છે, જેમણે તમામ સત્તા પોતાની પાસે કેન્દ્રિત કરી હતી અને પોતાના પક્ષને રૂંધી નાખ્યો હતો. તેમનો 10 વર્ષનો કાર્યકાળ અનેક વિવાદોથી ભરેલો રહ્યો હતો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

## વિરોધપક્ષો માટે આત્મમંથનનો સમય

વર્તમાન ચૂંટણી પરિણામોએ મહત્વપૂર્ણ સંદેશાઓ આપ્યા છે. માત્ર સંસદમાં હોબાળો મચાવવાથી કે વોટચોરીની બૂમો પાડવાથી કંઈ નહીં વળે. લોકહ્રદયથી બુથ મેનેજમેન્ટ સુધી નક્કર આયોજન કરવું પડશે. લોકોએ ક્યા મુદ્દાઓને પ્રાથમિકતા આપી અને ક્યા મુદ્દાઓને નકારી કાઢ્યા તે સમજવું જરૂરી છે. તેથી કેવળ વિરોધ નહીં, પણ રચનાત્મક પ્રસ્તાવો રજૂ કરવાની જરૂર છે. સંગઠનાત્મક મજબૂતી પણ મહત્વપૂર્ણ છે. ઘણા કિસ્સાઓમાં વિરોધપક્ષો સબળ નેતૃત્વની અછત અથવા કાર્યકર્તાઓની નિષ્ક્રિયતા જેવી સમસ્યાઓનો સામનો કરે છે. આત્મમંથન દ્વારા આ ખામીઓને ઓળખીને સુધારવા માટે પગલાં લેવાની જરૂર છે. મજબૂત સંગઠન વિના કોઈપણ રાજકીય પક્ષ લાંબાગાળે સફળ થઈ શકતો નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે વિરોધપક્ષોએ મતદાતાઓ સાથેનો સંવાદ સુધારવો આવશ્યક છે. લોકોની વાસ્તવિક સમસ્યાઓને સમજીને તે મુજબ પોતાની નીતિઓ ઘડવી જોઈએ. માત્ર ચૂંટણી દરમિયાન સંપર્ક કરવો પૂરતો નથી, પરંતુ સતત જોડાણ જાળવવું જરૂરી છે. યુવા અને નવા નેતૃત્વને પ્રોત્સાહન આપવું પણ અગત્યનું છે. આત્મમંથન એ કોઈ નબળાઈ નહીં પરંતુ શક્તિનું પ્રતિક છે. તે પક્ષને પોતાની ભૂલોમાંથી શીખવાની અને આગળ વધવાની તક આપે છે.

સુરત - સુનીલ શાહ,

## નાગરિકોની સુરક્ષા કરતાં દંડ વસૂલાત વધુ મહત્વની બની ગઈ છે?

આ વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે હેલ્મેટનો વિરોધ કરવો અને હેલ્મેટ ફરજિયાત બનાવવાની નીતિ પર પ્રશ્ન ઉઠાવવો – બંને સંપૂર્ણપણે અલગ બાબતો છે. હેલ્મેટ જીવન બચાવે છે, એ હકીકતને કોઈ નકારી શકે નહીં. અનેક જવાબદાર નાગરિકો વર્ષોથી સ્વેચ્છાએ હેલ્મેટ પહેરે છે અને રોડ સેફ્ટીને ગંભીરતાથી લે છે. પરંતુ પ્રશ્ન એ છે કે શહેરની અંદર, જ્યાં ભારે ટ્રાફિકને કારણે વાહનની ગતિ મર્યાદિત રહે છે, ત્યાં માત્ર હેલ્મેટને જ કાયદાનો કેન્દ્રબિંદુ બનાવી દેવું કેટલું યોગ્ય છે? આજે શહેરના રસ્તાઓ પર સૌથી મોટા જોખમો કયા છે? ટ્રાફિક સિગ્નલ તોડતા વાહનો, રોંગ સાઇડ દોડતી બાઇકો અને કારો, ઓવરસ્પીડિંગ, મોબાઇલ પર વાત કરતાં ડ્રાઈવિંગ, ખોટું ઓવરટેક, ઓવરલોડ વાહનો અને નિયમ વિરુદ્ધ મુસાફરો તથા સામાન ભરેલા બે-વ્હીલર – આ બધી બેદરકારી સીધે અન્ય લોકોના જીવનને જોખમમાં મૂકે છે.નાગરિકો કાયદાનો વિરોધ નથી કરતા. લોકો માત્ર એટલું માંગે છે કે કાયદા પાછળ તર્ક, પારદર્શિતા અને સમાન અમલ દેખાવા જોઈએ. જો નિયમોનો ઉપયોગ સુરક્ષા કરતાં વધુ દંડ વસૂલાત માટે થતો જણાશે, તો લોકોમાં વિશ્વાસ નહીં પરંતુ અસંતોષ જ વધશે. રોડ સેફ્ટીનું સાચું મોડેલ ડર અને દંડથી નહીં, પરંતુ જાગૃતિ, કડક અને નિષ્પક્ષ અમલ અને જવાબદાર વ્યવસ્થાથી ઊભું થાય છે. આ ચર્ચા હેલ્મેટ સામે નથી – આ ચર્ચા પ્રાથમિકતાઓ સામે છે અને કદાચ હવે સમય આવી ગયો છે કે ટ્રાફિક વ્યવસ્થાના અસલી પ્રશ્નો પર પણ એટલી જ ગંભીરતા સાથે ચર્ચા થાય.

સુરત -આશિષ ટેલર

## પશ્ચિમ બંગાળમાં ભાજપનો ભવ્ય વિજય

અણધાર્યા અને ચોંકાવનારા ભલે હોય પણ આશ્ચર્યજનક નથી.છેલ્લા ત્રણ ટર્મથી સત્તામાં રહેલા મમતા બેનરજીના પક્ષને લોકોએ જાકારો આપ્યો છે .અને ભાજપના હાથમા સત્તા સોંપી છે.એનુ એક મુખ્ય કારણ લોકો પુનરાવર્તન નહિ પરિવર્તન ઈચ્છતા હતા.ખુદ મમતા બેનરજીએ પણ પરાજયનું મોઢું જોવું પડયું છે એ શું બતાવે છે?હું જ્યારે સ્કુલમા ભણતો હતો ત્યારની એક કવિતાની પંક્તિઓ કંઈક આવી હતી.પ્રજા કદી ના દોરવાતી કાયમી કોઈ રાજનેતા, લોકસેવક કે ઉપદેશ દેતા ધર્મ ગુરૂથી...વગેરે ..કવિતાની શરૂઆતની પંક્તિઓ યાદ છે. એવી જ વાત કદાચ વિન્સ્ટન્ટ ચર્ચિલ અને એક પત્રકાર સાથેની હતી. એક ચૂંટણીમાં એમનો પક્ષ હારી ગયો ત્યારે એમને સોંસરવો સવાલ કરવામાં આવ્યો હતો કે તમે પ્રજાનાં સંખ્યાબંધ કામો કર્યા, તમે પ્રજાપ્રિય પણ હતાં છતાં આમ વિપરીત પરિણામ જોવાનો વારો કેમ આવ્યો? ત્યારે હારનાં કારણોની પળોજણમાં પડ્યા વગર એકજ શબ્દમાં એમણે કહી દીધું હતું, પરિવર્તન. આ પ્રજા છે એ લોકશાહીમાં સર્વોપરી છે. એ ઈચ્છે ત્યારે રાજનીતિમાં સમય સમય પર બદલાવ પણ લાવી શકે છે.

સુરત - પ્રભાકર ધોળકિયા

## કવિવર રવિન્દ્રનાથ ટાગોર

એક એવી વ્યક્તિ કે જેમને બે દેશના રાષ્ટ્રગીતો રચવાનું બહુમાન પ્રાપ્ત થયુ હોય, ભારત માટે સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ નોબલ પુરસ્કાર પોતાના પુસ્તક ગીતાંજલિ માટે જીતનાર, આજે પણ જેમનું સંગીત અને એમના ગીતો ભાવપૂર્વક પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં એક સરખા પ્રેમથી ગવાતા હોય, સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન મોટા ભાગના નેતાના સંતાનોએ જ્યાં શિક્ષણ લીધુ છે એ શાંતિ નિકેતન વિદ્યાસંકુલની સ્થાપના કરનારા અને જેમણે સૌ પ્રથમ વાર ગાંધીજીને મહાત્મા શબ્દથી સંબોધ્યા હતા એ ભારતભરમાં કવિવરના નામે જાણીતા એવા રાષ્ટ્રગીતના રચયિતા રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ જમીનદાર પરિવારમાં કલકત્તામાં 7/5/1861 ના રોજ થયો હતો.તેમના મહાકાવ્ય ગીતાંજલિને 1913માં સાહિત્યનું નોબેલ પારિતોષિક મળ્યું હતું,જે અતિસંવેદનશીલ, સૌંદર્યયુક્ત, તાજગીભર્યું ગણાય છે. એમના કાવ્યોમાં અધ્યાત્મ અને સૌંદર્યનો સુમેળ છે છતાં એમના જાદુઈ અને ઉચ્ચ વર્ગના લોકો માટેના કાવ્યો બંગાળ બહાર એટલા લોકપ્રિય નથી. તેઓ કવિ, લેખક, નાટ્યલેખક, સંગીતકાર, દાર્શનિક, ચિત્રકાર, સમાજસુધારક હતા. ગીતાંજલિ, ઘરેબાહિરે, જનગણ મન, આમાર સોનાર બાંગ્લા જેવી જાણીતી કૃતિઓના આ સર્જકનું નિધન 80 વર્ષની વયે થયું હતું.

સુરત -સુરેન્દ્ર દલાલ

## વ્યાજ ખોરોની ચુંગાલમાંથી બચો

તાજેતરમાં સમાચાર માધ્યમ દ્વારા જાણવા મળ્યું કે ગુજરાતના કોઈ જિલ્લામાં એક વ્યકિતએ 4 લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. મુદ્દલ અને વ્યાજ સહિત અંદાજે મોટી રકમ ચુકવી દીધી હોવા છતા વ્યાજખોર તરફથી વધુ પૈસાની માંગણી કરવામાં આવી રહી હતી. વ્યાજ ખોરો પાસે વ્યાજે પૈસા માંગવા કરતા હવે તો બેન્કો, ક્રેડિટ સોસાયટી, ફાયનાન્સિયાલ સંસ્થા ઉપલબ્ધ છે તેઓ પાસે લોન મેળવવી જોઈએ. વ્યાજખોરો પર સરકારનું નિયંત્રણ હોવુ જરૂરી છે. કેમ કે મજબુરી વશ વ્યાજે પૈસા લેવા પડે એ માની શકાય પણ વ્યાજખોરોના ત્રાસથી જીવન ટૂંકાવ્યુંના પણ કિસ્સા નોંધાયા છે. જેથી કોઈ ચોક્કસ નીતિ ઘડવી જોઈએ કે જેથી સામાન્ય વ્યક્તિ વ્યાજખોરોની ચૂંગાલમાંથી બચી શકાય.

સુરત -ચંદ્રકાંત રાણા

## ઘરેડમાંથી બહાર આવીએ

ઘરેડ એટલે એક ધોરણ, નિયમ. રાહ, ધારી કે ચાલુ રૂઢિ કે પ્રણાલી. દરેક વ્યક્તિની પોતાની કામ કરવાની એક રીત, ઢબ હોય તે મુજબ તે કાર્ય કરે છે. એ કામ કરવાની જે ટેવ હોય તે સ્વભાવ સાથે સંકળાયેલ હોવાથી સરળતાથી છૂટી શક્તિ નથી. ઘરેડનું એક ઉદાહરણ આપી શકાય કે કૂવાના પરના પથ્થર ઉપર દોરડાના ઘસારાથી એક ખાડો કે દોરડાનો એક કાપો પડે એ ઘરેડમાં હોવાથી આમ થાય છે. એક જ ઘરેડમાં કાર્ય કરવાની ટેવથી ક્યારેક કાર્યમાં આળસ, કંટાળો આવવાનું ચાલુ થઈ જાય અને ધાર્યા પરિણામ મેળવી શકતા નથી. દિવસની ઘરેડમાંથી છૂટ મેળવવા વાતચીતની રીત અપનાવી શકાય. પુસ્તકોનો સહારો પણ આનંદ આપી શકે તેમ છે. મનગમતી વાતચીત કે મનગમતું વાંચન જે તે સમયમાં અનોખો આનંદ આપે જેથી માનસિક વલણમાં આપોઆપ બદલાવ આવે છે. ક્યારેક એમ થાય કે હાશ છૂટ્યા! જીવનમાં કડક બંધનો કામ લાગતાં નથી. સરળતાથી કોઈપણ બદલાવ સ્વીકારીને આગળ વધી શકાય છે. સંસાર છે તો સાંસરની સમસ્યાઓનું ચક્ર ચાલતું રહેવાનું. સરળતાથી જીવીએ તો મને લાગે છે કે જીવતરનો ભાર લાગતો નથી. ચાલો, એકની એક ઘરેડમાંથી બહાર આવીએ, વાંચન કરીએ.

નવસારી - કિશોર આર. ટંડેલ